વર્ષ ૨ અંક ૧૧ મહા વદ ૧૧, ૨૦૬૫



શ્રીગોકુલેશ પાઠશાળા

શ્રીવિજયા એકાદશી વ્રત

તાત તણો પ્રતિબિંબ રે રસના - ૧૧

શ્રીગોકુલેશ શ્રીગોકુલેશ ગાઈએ ।।

મન વચન કર્મ કરી નિશદિન આઠૌ જામ, શ્રીગોકુલેશ સુંદર સ્વરૂપ ઉર લાઈએ ।। ૧ ।।

તબહી હોઈગૌ મનોરથ બહુ વિધિ, શ્રીગોકુલેશચરણ નિરન્તર ધાઈએ ।।

વલ્લભદાસ પ્રભુ શ્રીગોકુલેશકૈ દિયૈ, યહ લોક પરલોક મહાસુખ પાઈએ ।। ૨ ।।

।। શ્રીગોકુલેશો જયતિ ।।

તાત્ તણો પ્રતિબિંબ રે રસના

શ્રીરસિક રસ ચરિત્ર

નિવેદન

શ્રીગોકુલકો નાથ, શ્રીવ્રજમેં કરત વિહાર;
નિજ–જન કો વરન કારન, લિયો ભૂતલ પ્રાકટ્ય ઉપહાર. ૧
શ્રીગોકુલેશ હી એક નામ, જો સુખ દે સાદા અપાર;
ઐસે સુખ સાગર શ્રીરાયજું, રાખે સાદા શ્રીચરણ નિરાધાર. ૨
પુરાણ કિયો પ્રકાશ, યહ સ્વરૂપ કરે શ્રીવ્રજ વાસ;
દાસગોપાલ કે શ્રીરાયપ્રભુ, રાખો શ્રીચરણ પાસ નિર્ધાર. ૩

સર્વદા સેવ્ય શ્રીદાદાજી શ્રીચતુર્થકુમાર શ્રીગોકુલેશ પ્રભુચરણના જીવનના પ્રત્યેક પ્રસંગ કાંઇક ને કાંઇક પ્રેરણા આપણને પ્રદાન કરે છે. એવું તો આ કેવું સ્વરૂપ છે કે જેમના જીવ એક વાર દર્શન કરી એવા તો મોહિત થતાં, આકર્ષિત થતાં, કે આપશ્રીની અનન્ય શરણમાં આવવા આતુર બનતાં! એવી ભક્તિ પ્રાપ્ત કરતાં, જેવી ભક્તિ શ્રીમહાપ્રભુજીને અભિપ્રેત છે. શ્રીગોકુલેશ પ્રભુના વચનામૃતો પણ એટલા વિશાળ છે કે જો આપણે આપશ્રીના વચનામૃતનું રસપાન કરીએ તો આપણને માર્ગનું સાચું હાર્દ યથાર્થ સ્વરૂપે સમજાય. આપશ્રીના ભગવદીયો, ભક્ત કવિ કેવા હતાં, કે જેમને સાક્ષાત્ સ્વરૂપાનંદનું રસપાન કર્યું, અને પછી તે સ્વરૂપાનંદને શ્રીગોકુલેશ પ્રભુની કૃપાથી કાવ્યબદ્ધ કરી ધોલ સ્વરૂપે, પદ સ્વરૂપે અથવા તો સ્તોત્ર સ્વરૂપે પ્રગટ કર્યું. શ્રીગોકુલેશ પ્રભુના હાસ્યામૃત પણ ખૂબજ મનનનીય છે, જેમ શ્રીકૃષ્ણ દ્વારા કુરુક્ષેત્રના યુદ્ધ ભૂમીમાં અર્જૂનને ઉપદેશ પ્રદાન કરવા શ્રીગીતાજીનું પ્રાગટ્ય થયું, તેમ પોતાના ભક્તોને શ્રીમહાપ્રભુજીના માર્ગને સમજવા માટે જે ઉપદેશ પ્રગટ કર્યાં, તે હાસ્યામૃત છે. હાસ્યામૃત - જે વચનામૃતો ગંભીર હોવા છતાં, આપશ્રીની વાક્છટા એવી છે કે સરલ હાસ્ય પ્રસંગો દ્વારા આપશ્રીએ એ સિદ્ધાંત, માર્ગનો મર્મ સમજાવ્યો. એવોજ હાસ્ય પ્રસંગ આપણે અહીં જોઇએ.

એક દિવસે કહ્યું કે એક પાસ કોઉ પઢીકે ગયો સો કાહુ જાય કે કથા કેહે. સો ઉનકી પ્રસિદ્ધિ બોહોત ભઈ જે કથા ભલી ભાંતિ કહત હે સો ઓ ગુરુને તે સુની, તબ દેખીવેકું ગયો જે દેખુ કોન ભાંતિ કેહેત હે. ઓ કથા કહેતો હતો ઉહાં જાય કે બેઠ્યો. દેખે તો સબ અસંગત હે. તબ ઘર આય કે કહ્યો જે તું અશુદ્ધ કહત હે. તબ શિષ્યે કહ્યો જે તુમ સભામોં તે કહીયો મત. મેરી લાજ જાયગી. જબ મેં અશુદ્ધ કહું તબ તુમ નેક મોહો પસારીયો તબ મેં જાનુંગો, જે મેરે કંઇ અશુદ્ધ કેહેવાયો.

તબ દુસરે દીનાં તો જબથે ઉને કથા આરંભી તબથે મોહો પસારી રહ્યો. તબ ઘર આયકે પૂછ્યો જે એ કાહા ? તબ કેહે જે તેં તો સબહી અશુદ્ધ કહ્યો જો કછૂ શુદ્ધ કહે તો મોહો મેલું તો ......

આ પ્રસંગ નો તાત્પર્ય એ છે કે આજકાલ કથા કહેનારા કેટલાક કથાકારો બહુ સામાન્ય જ્ઞાનવાળા હોય છે. ફક્ત તેમનામાં રહેલ વાચાળ શક્તિ અને બહારના આડંબરથી તેઓ સારા કથાકાર કે પંડિત મનાય છે. આવા પંડિત માટે એક સુભાષિત શ્લોકાર્થ છે *પેટી, ઊંચાં વસ્ત્ર, કસબી શાલ, ડબલા, ધોળા છત્રની શોભા, દુપટ્ટા, હાર અને ઘોડા વગેરેના ઘટાટોપ આડંબરને મારા નમસ્કાર છે.* કારણકે આડંબરને કારણે નિરક્ષર પુરુષો જગતને સર્વજ્ઞપણાની ભ્રાંતિ કરાવે છે. અને જે આડંબરના અભાવે સારા કવિજનો પણ હાંસીને પાત્ર બને છે.

તેથી આપણે પણ જ્યારે કોઇની પાસેથી કાંઇક કથા કે સત્સંગ કરીએ ત્યારે આ વાતનું ખાસ ધ્યાન રાખવું જોઇએ, કે શું તેને શ્રીમહાપ્રભુજીની વાણીનો યથાર્થ બોધ છે ? કે પછી શ્રીહરિરાયચરણ જેમ શિક્ષાપત્રમાં આજ્ઞા કરે છે કે જે લૌકિક વાણી કહેતો હોય તે દુ:સંગ છે.

પણ આપણા શ્રીગોકુલેશ પ્રભુચરણના ભગવદીયો તો સાચે અર્થે સત્સંગ છે, તેમને જે અનુભવો કર્યા, તે અનુભવને ધોળ કે પદ સ્વરૂપે યથાર્થ પ્રગટ કર્યું અને આજના આપણે આધુનિક સેવક-વૈષ્ણવોને શ્રીગોકુલેશ પ્રભુના સ્વરૂપ જ્ઞાન કરાવી રહ્યાં છે. ચાલો! આજે આપણે એવાજ એક ભક્તકવિ જે શ્રીચતુર્થકુમાર શ્રીસર્વદા સેવ્ય શ્રીદાદાજી શ્રીગોકુલેશ પ્રભુના પરમાસક્ત, સ્વરૂપાસક્ત, અનન્યાસક્ત એવા **વિષ્ણુદાસ**ના ચરિત્રને સમજવાનો પ્રયાસ કરીએ.

વિષ્ણુદાસ :-

વિષ્ણુદાસ દ્વારા રચિત **શ્રીગોકુલેશાષ્ટોત્તરશતનામ સ્તોત્ર છે**. તેમાં શ્રીસર્વદા સેવ્ય શ્રીચતુર્થકુમાર શ્રીગોકુલેશ પ્રભુનાં ૧૦૮ નામો પ્રગટ કર્યા છે. આપશ્રીનું નામ કમળ જેવું છે. આ કમળ હંમેશા પૂર્ણ

કૃપાના પ્રકાશથી ઝગમગતું, પુષ્ટિભક્તિસુધાની વૃષ્ટિ કરનાર, ને સુખ આપનાર છે. સ્તોત્રનાં બધાં જ નામો દ્વારા શ્રીગોકુલેશ પ્રભુનું દયાપૂર્ણ સ્વરૂપ સુંદર રીતે દર્શાવ્યું છે. જેમકે

सतामात्मा ऽजातशत्रुः जीवमात्रशुभस्पृहः । दीनबन्धुर्विधुः श्रीमान् दयालुर्भक्तवत्सलः ।। २०-२२

આ વિષ્ણુદાસ પોતાને સદ્ બ્રહ્મભટ્ટ જણાવે છે. તે હિસાબે એ ભાટના ગોર એટલે ગઢવી હોવા સંભવ છે. આવા એક વિષ્ણુદાસ ગઢવી શ્રીગોકુલેશ પ્રભુના ખાસા સેવક હતાં. તેમના વિષે સ્વરૂપાનુભવોત્સવ માંગલ્ય ૮૧માં ૫૩મી કડી છે કે - **જેહ ગઢવી વિષ્ણુદાસ હવા ભાગ્યાન તે પ્રભુમન ભાવે.** આ વિષ્ણુદાસનાં કેટલાક પદો પણ છે. વળી શ્રીમહાપ્રભુજીના સમયમાં પણ એક વિષ્ણુદાસ વ્રજભાષાના કવિ થઇ ગયા છે. તેવી રીતે સન્ ૧૭૫૦ પછી એક વિષ્ણુદાસ ગુજરાતી કવિ થયા છે.

આ વિષ્ણુદાસ દ્વારા રચિત શ્રીગોકુલેશ પ્રભુના મહોત્સવનું એક પદનું વર્ણન આ પ્રમાણે છે

રાગ બિલાવલ : **અદ્ભૂત શ્રીવલ્લભનંદનગૃહ મહામહોત્સવ આજ।। ૧ ।। અગહનકી સુદિ સાતેં સુભવેલા ઉઠત જનકે હોત ।। ચારોં વેદ કલા આસા ધરી વૈભવ અમિત સેમત ।। ૨ ।। મિટે અસુભ સબ નિજ ભક્ત નકે આનન્દ સિંધુ બઢાયો; ચિતે ચિતે મુખચંદ મનોહર ચૌગુનો ચાવ બઢાયો ।। ૩ ।। નાચત ગાવત કરત વધાઇ કનક રતન પટ દેત; વિષ્ણુદાસ પ્રભુ પર ન્યોછાવરિ કરિ કરિ સબહિન દેત ।। ૪ ।।**

આવા ભગવદીય વિષ્ણુદાસના ચરિત્રનો કઇ ન આવે પાર, તેથી કેટલું કહીએ. પણ હા! આપણે જ્યારે આ પદોનું અવગાહન કરીએ, ત્યારે આપણને શ્રીગોકુલેશ પ્રભુની સુધી અવશ્ય પ્રાપ્ત થાય.

સાથેજ આપ સૌ શ્રીગોકુલેશચરણશરણાનુરાગી સેવક સમાજને **બડે શ્રીવિઠ્ઠલરાયજીના પ્રાગટ્યોત્સવ (સં. ૧૬૪૫ મહા વદ ૧૩)**ની અનેકાનેક વધાઇ.

શ્રીચતુર્થકુમાર શ્રીગોકુલેશજીના ગૃહે ત્રણ ભગવદાત્મજ સ્વરૂપોનું પ્રાગટ્ય થયું હતું:

૧. પૂજ્યચરણ શ્રીગોપાલજી (સં. ૧૬૪૨ પોષસુદ ૧૪), ૨. પૂજ્યચરણ શ્રીવિઠ્ઠલરાયજી (સં. ૧૬૪૫ મહા વદ ૧૩) અને ૩. પૂજ્યચરણ શ્રીવ્રજરત્નજી (સં. ૧૬૫૦ વૈશાખ વદ ૮)

પ્રથમ અને તૃતીય ભગવદાત્મજ સ્વરૂપો યુવાનવયે જ નિત્ય-લીલામાં પધાર્યાં હતા. વિ.સં. ૧૬૯૭માં શ્રીગોકુલેશ પ્રભુચરણની આસુરવ્યામોહલીલા પછી, આપશ્રીના દ્વિતીય આત્મજ પૂજ્યચરણ શ્રીવિઠ્ઠલરાયજી શ્રીચતુર્થગૃહાધિપતિ તરીકે બિરાજ્યા હતા. આપ સેવાપરાયણ, સિદ્ધાંત નિષ્ઠ અને અને વિદ્વાન આચાર્ય હતા. ભક્ત કવિ જગદાનંદ આપનો સ્વરૂપપરિચય આપતાં કહે છે કે :

શ્રીવિઠ્ઠલરાયજી લાડીલા, કુંવર પદવી એહ રાખે,
શ્રીમુખ જોઇ સેવા કરે, મહાપ્રભુસૂં દૃષ્ટિ વરખે.

આજે આપણે શ્રીમદ્ ગોકુલ શ્રીચતુર્થકુમાર શ્રીગોકુલેશ પ્રભુના દર્શન કરવા જઇએ છીએ. આપશ્રી ત્યાં શ્રીમદ્ ગોકુલમાં પોતાની નિજ-બેઠકમાં નિત્ય બિરાજી રહ્યાં છે. એમ મનાય છે કે શ્રીબેઠકજી શ્રીચતુર્થકુમાર શ્રીગોકુલેશજીએ સ્વયં સિદ્ધ કરાવી હતી. પણ ત્યાં શ્રીબેઠક સેવાક્રમનું સિંચન શ્રીચતુર્થપીઠાધીશ્વર બડે શ્રીવિઠ્ઠલરાયજીએ કરાવ્યું હતું, જેની વ્યવસ્થા યથાર્થ સ્વરૂપે આજ પર્યંત એજ રીતે ચાલતી આવી છે. બડે શ્રીવિઠ્ઠલરાયજી એવા ઉદાર સ્વરૂપ છે, જે પોતાના પિતૃચરણનાં સ્વરૂપનું દાન સૌ સેવક-વૈષ્ણવોને નિત્ય થાય, એવી રીતે વ્યવસ્થા કરી. આપણે આ ઉત્સવને મહોત્સવ તુલ્ય વધાવી લઇએ.

राग पंचम :- आज बधावौ श्रीविट्ठलनाथके जायौ पूत श्रीरुकमणी माई।। प्रगटे ईस जगदीस निज भक्तके हेत, द्विजरूप लीनौ आई।।१।। गावैं गीत निजजन गीत सुनत तनमन चकित उपजि अन्तर प्रीत प्राणजीवन पाई।। वारौ तनमन बसन धेनु धन सब सदन देत आनन्दमगन दास बलि बलि जाई।।२।।

સાથેજ હવે તો ધમારનો પ્રારંભ થયો છે, તેથી આપણે ફાગમાં ધમારની વધાઇ.

राग बिलावल **:- सखी चलहु जाय पिय देखिये, श्रीविट्ठलजीको लाल ।। वल्लभ मन भावतो ।। १ ।। सखी खेले वसंत मोदसुं।। संग सकल वृजबाल. वल्लभ .।। २ ।। साजहु साज सोहावनो ।। सो जो जो भावे पिय. वल्लभ .।। ३ ।। सखी भूषन अंग समारिए, साज सबे सिंध कीय. वल्लभ .।। ४ ।। इही विधि बनि व्रजभामिनी, देखन आइ निज नाह. वल्लभ .।। ५ ।। नेन लगे जाय नेनसो, बाढ़्यौ रंग रस चाह. वल्लभ .।। ६ ।। खेले अंग अंग रसिकवर, खेले रसिक सुजान. वल्लभ .।। ७ ।। मनोरथ बेनीदासके, पूजीये जीवन प्रान. वल्लभ .।। ८ ।।**

राग काफी :- **ऋतु बसंत सुख खेलियेहो, श्रीविट्ठल राजकुमार ।। सब सखियन मध्य राजहीहो, बाढ़्यौ रंग अपार, गोकुल नायक रंग भरे हो, गोकुल ।। १ ।। केसरको वाघो बन्यो हो, सोंधे सोंधी पाघ ।। मन मनोरथ पूरन कीये हो, ताके कहीये भाग, गोकुल ।। २ ।। कनक कलस केसर भरे हो, ले पिचकाइ हाथ ।। जुवती जूथ पर छिरकहीहो, भगवदी जेह हें साथ, गोकुल ।। ३ ।। अबीर गुलाल उड़ावही हो, भरि भरि झोरी हाथ ।। और कहुं सुझे नहीं हो, खेले श्रीगोकुलनाथ, गोकुल ।। ४ ।। चौवा चन्दन लायके हो, सोंधो सबे विधि मेलि ।। प्रान पियाको छिरकही हो, मची हे ठौर रस ठेलि, गोकुल ।। ५ ।। व्रजजुवती आरती करे हों,**

ईंड़ीपींड़ी ले वार ।। सीस नमावे मन हरखे हो, लेत बलैया वारंवार, गोकुल ।। ६ ।। सब सुंदरी आसीस दे हो, जुग जुग जीवो महाराज ।। अचल सोहाग दियो भक्तनकुं, मन इच्छित भये आज, गोकुल ।। ७ ।। विविधि भांति बाजे बजे हो, उपमा कहीय न जाय ।। राग रागिनी थकित भइ हो, देखे श्रीगोकुलराय, गोकुल ।। ८ ।। चढ़ि विमान सुर वरखही हो, चन्दन कुसुम बहुमूल ।। सुधि न रही व्याकुल भइ हो, देह दिसा गइ भूल, गोकुल ।। ९ ।। यह लीला सुनन करे हो, श्रवन सुने मुख गाय ।। भक्त सबे मिलि पावही हो, नाहिन कहेत बनाय, गोकुल नायक रंग भरे हो ।। १0 ।।

राग काफी :- **रंगीलो वल्लभ होरी खेले हो, होरी खेले व्रजजन मन सुख देत ।। ध्रुव ।। रंग भरी जुवती जुरि आइ, सजीके सकल सिंगार ललना ।। नख सिख छबि को निरखतही हो, रही न तन संभार, रंगीलो ।। १ ।। सोंधे सो सारी सनी और बिच बिच केसररंग ललना ।। कोमल अंगिया मरगजीहो, परसत पुलकित अंग, रंगीलो ।। २ ।। फागु साज नेंननमें लाइ, बाला सुधर सुजान ललना ।। रिझवत वल्लभलालकुं हो, करि के मधुर सुर गान, रंगीलो ।। ३ ।। भरि अनुराग गुलानन झोरी, लावैं बूका स्वेत ललना ।। मृगमद चौवा अगर काहो, पिय मन उपजत हेत, रंगीलो ।। ४ ।। पिचकाइ तिरछी चितवनिसों, चलावत पिय पर चोंट, ललना ।। पियुकी चोट बचावनको हो, दुरतहें घुंघट औट. रंगीलो ।। ५ ।। तेल फुलेल अत्तर बहु विधि को, भरत सचीकन अंग ललना ।। भाव नये उपजावत हो, करत प्रगट अनंग. रंगीलो ।। ६ ।। बंक विलोकनी गारी दे दे, उपजावत हे मेंन, ललना ।। सरस धमारिन रिझवतहें हो, करत हे दीठकी सेन, रंगीलो ।। ७ ।। झबुक बुलनसों तारी दे कें, रिझवत वल्लभ नाह ललना ।। कृपा अविलोकन फगुवा मांगे उपजावत अति चाह, रंगीलो ।। ८ ।। वार वार अविलोकत श्रीमुख, भरत लेत अंकवार, ललना ।। यह विधि होरी खेलि के हो, रीझलिये रिझवार, रंगीलो ।। ९ ।।**

राग सारंग :- **खेलि प्रभु बैठै महाराज केसर अरगजा भीनै ।। ठाड़े जूथ रसिक भक्तनके फाग खिलावै आज ।। १ ।। देत असीस सकल सुंदरिमिलि चिरंजीवो सिरताज ।। वल्लभदास प्रभु गोकुलेस वर राजे संग समाज ।। २ ।।**

(શ્રીગોકુલેશ ધોલ પદ માધુરીમાંથી સાભાર)

ભાવત્ક:-

દાસ ગોપાલ, જૈ જૈ શ્રીગોકુલેશ પરિવાર, વડોદરા

રાજેન્દ્રભાઈ કડકીયા (યુ.એસ.એ.)

॥ શ્રીગોકુલેશો જયતિ ॥

શ્રીરસિક રસ ચરિત્ર

વર્ષગાંઠનો ઉત્સવ - મહોત્સવ

...ગતાંકથી આગળ

મંદિર માંહે તે ભીડ અતિ ભક્તની, રહ્યા સહુ નાથનું રૂપ નિરખે;
શ્રીમુખમાધુરી લાવણ્યનિધિભરી, જોઈ જોઈ મનમાંહે હરખે. ૧

કેસર સ્નાન :- મંદિરમાં આવી સૌ ભક્તોએ પ્રથમ શ્રીગુસાંઇજીની ગોદમાં બિરાજેલ સ્વપ્રભુનાં દર્શન કરી અસ્થિર હૃદયને શાંત કર્યું. એ વખતે દામોદર દાસી, ચાચા હરિવંશજી, ચાંપાભાઇ તથા કૃષ્ણાદાસી વગેરે સર્વ કૃપાપાત્ર ભક્તજન ત્યાં હાજર હતાં. એમણે મંડપની અંદર રચેલી વેદી પર જડાવની ચોકી મૂકી શ્રીગોકુલેશજીને એ ઉપર પધરાવ્યાં. પછી અનેક પ્રકારનાં સુગંધીદાર તેલ ફૂલેલ વડે એઓએ શ્રીગોકુલેશજીના શ્રીઅંગે અભ્યંગ કર્યું તથા કેસર, ચંદન, બરાસ, અંબર, કસ્તૂરી, અને ઉત્તમોત્તમ અરગજો (સુગંધી દ્રવ્યોનો ભૂકો) વગેરેનું મિશ્રણ કરેલા ગરમ જલથી અનેક ભક્તજનોએ શ્રીગોકુલેશજીને સ્નાન કરાવ્યું. આ વખતે ચારે તરફ વાગતા ઉત્તમ વાજિંત્રો તથા સોહાસણીઓનાં મધુર સ્વરે ગવાતાં ગાનથી આખું મંદિર ગાજી રહ્યું હતું. વચ્ચે બ્રાહ્મણોના મુખમાંથી નીકળતા વેદમન્ત્રોનો ઘોષ તથા બંદીજનોનું યશોગાન જડ અને શુષ્ક હૃદયને પણ રસિક બનાવી આનંદ આપવા લાગ્યું. સ્નાન થયા પછી અંગવસ્ત્ર કરી શ્રીગોકુલેશજીએ મંદિરમાં શ્રૃંગાર માટે પધારાવવામાં આવ્યા અને ભક્તજનોએ સ્નાનના જલમાંથી શ્રીચરણામૃત પાન કર્યું. આ સમયે મંદિરમાં ભક્તજનની એટલી તો ભીડ થઇ કે ચોક, અટારી, છજ્જાં, ત્રીજો માળ વગેરે ભરાઇ ગયાં, એટલું જ નહિં, કાર્યાર્થે ત્યાં હાલવું ચાલવું પણ મુશ્કેલ થઇ પડ્યું.

કરુણા તે કરીને પાઉ ધાર્યાજી

કરુણા તે કરીને પધારોજી, પોતે તે જલઘરા માંહેજી; ભક્તને પોહોંચી વધામણી, ચમકીને ચાલ્યા તે ત્યાંહેજી. (૧)
આવીને આસને બેઠાજી, બોલે તે વિકસિત વદનેજી; સેવક તે સુણીસુણીને રીઝેજી, ભાવે તે ભીંજે છે સદનજી. (૨)
વિનતિ કરી મહાપ્રભુ અને, મોતી ધરાવ્યા તે કરણેજી; શોભા મુક્તા ઘણું પામ્યાજી, પ્રભુજી છે ત્રિભોવનના આભ્રણજી. (૩)
ભીતરના કૃત્ય કરી અને, ફરીયતે બેઠકે આવ્યાજી; વાજીંત્ર વાજે છે રે તેહ સમે, સેવક સર્વેને મન ભાવ્યાજી. (૪)
સત્વરતા કરી કૃત્ય સહુ, બહુ બહુ પેરનાં તેહજી; ચરણ પ્રક્ષાલણ કરી પહેરીજી, પરદની તેલની જેહજી. (૫)

ગાદીએ બેઠા સુંદરવર, કેશને કાંસકી કીધીજી; અભ્યંગ તણોરે આરંભજી, વ્રજજનને આસીસ દીધીજી. (૬)
તેલ તે વિવિધ પ્રકારનાં, ભરીય કટોરા તે ધરિયાજી; સેવકજનક સહુ મર્દન કરે, અતિ આનંદે તે ભરિયાજી. (૭)
જળ તે સમોઈને સિદ્ધ કર્યા, પ્રભુજીને ચોકીયે પધરાવ્યાજી; કેસર ભર્યા રે ભાજન લેઈ, ભક્ત કઠેડા માંહે આવ્યાજી. (૮)
જય જયકાર તેણે સમે, કરે તે સકલ નરનારજી; આંગણા માંહાં ભીડ અતિ ઘણી, સેવકનો નહિ પારજી. (૯)
ભીડ અટારીને છજાએ, ભીડ મુડેરીને ત્રીજે માલજી, પ્રભુજીને ન્હાતા તે નિરખીજી, હરખે તે ગાએ છે ખ્યાલજી. (૧૦)
મસ્તક કેસર ઢોળીને, ચોળે તે અંગ રસાલજી; ચરણામૃત કેરે કારણે, કુલાહલ થાએ તેણે કાલજી. (૧૧)
વાજિંત્ર વાજેરે, અતિ ઘણાં, વિવિધ પ્રકારે સુહાયેજી; મોદ આનંદ તે એણી પેરે, જગત બ્રહ્માંજે ન સમાએજી. (૧૨)

શ્રૃંગાર :-

શ્રીગોકુલેશજીને સ્નાન કરાવી મંદિરમાં પધરાવ્યા. પછી રસિક ભક્ત ભાવપૂર્વક શ્રૃંગાર ધરવા લાગ્યાં. કેસર-સોંધાથી ભરેલી પાઘ લાવી શીર પર મૂકી એની આસપાસ શિરપેંચ બાંધ્યો અને એની સાથે પોતાનું મન પણ ત્યાં બાંધ્યું. પછી આલિંગનના ભાવથી કેસરી જગુલી પહેરાવી અને ભાલમાં કેસરનું તિલક કરી પોતાનું સર્વસ્વ સોંપ્યાનો લેખ કરી આપ્યો હોય એમ જણાવ્યું. પગમાં જડાવનાં નૂપુર પહેરાવ્યાં, નૂપુર પહેરાવતાં શ્રીગોકુલેશજીના ચરણકમળના નખની અંદર પડતાં સ્વપ્રતિબિંબરૂપ અનેક નાયિકાઓ જોઇ. પછી બાજુબંધ, ચૂડી તથા અલકાભરણ પહેરાવ્યાં. અલંકાભરણરૂપી દામિની (વિજળી)ની શોભા જોઇ એમ મનમયૂરો નૃત્ય કરવા લાગ્યા.

આજ મહારા આંગણિયામાં, મોતીના મેહ વર્ષ્યા રે-
મોતીના મેહ વર્ષ્યા વહાલા, મોતીના. (૧)
ઘેર પધાર્યા ગોકુલેશપ્રભુ હૈયાં ઘણાં હરખ્યાં રે-
હૈયાં ઘણાં હરખ્યાં વ્હાલા, હૈયાં. (૨)
ધોતી ઉપરણો કેસરી ને કેસરભીની પાઘ રે-
કેસર ભીની પાઘ વ્હાલા, કેસર. (૩)
કાને કુંડલ ઝગમગે ને તેજ તણો નહીં પાર રે-
તેજ તણો નહીં પાર વ્હાલા, તેજ. (૪)
બાંહે બાજુબંધ બેરખા ને પોંહોંચી રત્ન જડાવરે-
પોહોંચી રત્નજડાવ મારા વ્હાલા, પહોંચી. (૫)
કેડે સોહિયે કટિમેખલા ને ઝાંઝરનો ઝણકાર રે-
ઝાંઝરનો ઝણકાર મારા વ્હાલા, ઝાંઝરનો. (૬)

શ્રીગોકુલેશજીનો મુખચન્દ્ર જોવામાં એમનાં નેત્રચકોર તલ્લીન થયાં. વળી કાનની અંદર સ્ત્રીજનોના ભાવથી રાતાં (શ્રૃંગાર રસ) મોતીનાં કર્ણફૂલ ધર્યાં. કંઠમાં અમૂલ્ય અનેક ભૂષણ ધરી, કેડે

કટિમેખલા, હસ્તમાં પહોંચી તથા અંગુલીમાં વીંટી વગેરે અનેક સુશોભિત અને ભાવમય અલંકાર પહેરાવ્યા, આ વખતે અન્ય ભક્ત સમયાનુસાર બાલલીલાના મંગલ ગીત ગાતાં હતાં.

આરતી તથા વિપ્ર વગેરેનું સન્માનઃ

શ્રૃંગાર કર્યા પછી શ્રીગોકુલેશજીને શ્રીરુક્મિણીજીએ ગોદમાં લીધા. શ્રીશોભાજી આરતી કરવા માટે તૈયાર થઇ ઊભાં રહ્યાં. પછી ઈંડીપીંડી તથા આરતી કરી મોતી તથઅ સોનાના ફૂલ વડે શ્રીગોકુલેશજીને વધાવ્યા અને ભક્તજનોએ જય જયના મહાનાદથી એ સ્થળને ગજવી મૂક્યું. છેવટે એઓએ નીચાં નમીને શ્રીપ્રભુને શ્રીચરણે દંડવત્પ્રણામ કરી સર્વોપરિ થયા. આ સમયે રાય રંક સર્વ શ્રીગોકુલેશજીનાં ભામણાં લઇ એ ઉપર પોતાનું તન મન ધન ઓવારવા લાગ્યા. વિપ્રજનોએ આશિષ-વચન કહ્યાં અને એના બદલામાં શ્રીગુસાંઇજીએ એમને દાનદક્ષિણા આપી સંતોષ્યા. પંડિત, બ્રાહ્મણ, માગધ વગેરે વગેરે સર્વને મુખે માગેલાં દાન આપી વિદાય કર્યા. નગરમાં સર્વને ઘેર ગનોડા લાડુ વહેંચ્યા. આ ઉપરાંત નાતનાં સર્વ મનુષ્યો તથા દેશપરદેશથી આવેલા તેમજ નગરનાં સર્વ વૈષ્ણવોને મહાપ્રસાદ લેવા માટે પોતાને ત્યાં આદરપૂર્વક બોલાવ્યાં.

વૈષ્ણવોને લેવડાવેલો મહાપ્રસાદ:-

સર્વે હારબંધ પોતપોતાની પાતળ ઉપર બેઠાં એટલે શ્રીગુસાંઇજી આનન્દપૂર્વક પોતાની સાથે શ્રીગોકુલેશજીને લઇ જ્યાં વૈષ્ણવોનો મોટો સમાજ બેઠો હતો ત્યાં આવી ઊભા રહ્યા. શ્રીગોકુલેશજી પોતાને હાથે પહોંચો પકડી શ્રીમુખમાં મૂકી ચૂસવા લાગ્યા અને એ દ્વારા જાણે ભક્તજનનાં મન ચૂસતા હોય એમ લાગ્યું. છેવટે જ્યારે સર્વને સર્વ પ્રકારનો મહાપ્રસાદ પહોંચી ગયો ત્યારે એમને પ્રસાદ લેવાની આજ્ઞા આપી, શ્રીગુસાંઇજી શ્રીગોકુલેશજીને લઇ ભોજન માટે પધાર્યા ત્યાં એમણે શ્રીગોકુલેશજીને શ્રીહસ્તે ભોજન કરાવ્યું. એટલા માટે વૈષ્ણવો પ્રસાદ લઇ, મુખ વગેરે સાફ કરી સર્વ મંદિરમાં આવી પહોંચ્યાં અને શ્રીગોકુલેશજીનાં આગમનની રાહ જોવા લાગ્યાં. થોડા સમયમાં ભોજન વગેરેથી પરવારી શ્રીગુસાંઇજી પણ શ્રીગોકુલેશજીને લઇ શ્રીબૈઠકમાં આવી ગાદીએ બિરાજ્યાં. ત્યાં જયજયકાર તથા આશિષ-વચનોનો ઉચ્ચાર થયો. છેવટે કેસરના સોંધાનો છંટકાવ કરી તથા માથામાં તેલ ફૂલેલ નાખી સર્વને બીડાં આપ્યા. એ સમયે ભક્તજનોએ યથાશક્તિ ભેટ કરી. ત્યાર પછી દામોદરદાસી આવી શ્રીગોકુલેશજીને શયનમંદિરમાં પધરાવી ગયાં અને ત્યાં એઓ સુખસેજમાં પોઢ્યા.

ઉત્થાપનથી સેનઃ

પ્રભુ પોઢ્યા એટલે આશિષ દઇ, ભક્તજન પોતપોતાને મુકામે આવી એક બીજાની સાથે ભોગવેલા આનંદનો, વાર્તાલાપ દ્વારા વિલાસ કરતાં, દેહાનુસંધાનરહિત થઇ, શ્રીગોકુલેશજીના અનુભવેલા સ્વરૂપમાં મગ્ન થયાં. પછી ઉત્થાપનનો સમય થતાં એઓ સર્વ શ્રીમંદિરે ગયાં. ત્યાં શ્રીગોકુલેશજીને શ્રીગુસાંઇજી પાસે દામોદરદાસી પધરાવી ગયાં. પ્રભુનાં દર્શનમાં કેટલાક મગ્ન થયાં, કેટલાંક હાથમાં મેવા મિશ્રી વગેરે લઇ ઊભાં છે એ લેવા શ્રીગોકુલેશજી શ્રીહસ્ત લાંબો કરે છે અને એ લઇને શ્રીમુખમાં મૂકી સર્વને આનંદ આપે છે. વળી ભક્તજને ભેટ કરેલાં રમકડાં શ્રીગુસાંઇજી પાસે પડેલાં હતાં એ લઇ રમવા લાગ્યાં. આ પ્રમાણે આનંદમાં દિવસ વ્યતીત થયો અને થવાથી એઓને ઘેર જવું ગમ્યું નહીં. છેવટે સંકોચથી ઘેર ગયાં, છતાં એમના પ્રાણ તો ત્યાં જ રહ્યાં અને તેથી રાત્રે ઊંઘમાં પણ શ્રીગોકુલેશજીનું સ્વરૂપ તથા એમની લીલાઓનો અનુભવ કરવા લાગ્યાં.

વિદાયગીરીઃ

બીજે દિવસે પ્રાતઃકાલ થતાં, દેશપરદેશથી આવેલાં ભક્તજનોએ શ્રીગોકુલેશજીનાં દર્શન કરી શ્રીગુસાંઇજી પાસે વિદાય થવાથી આજ્ઞા માંગી. શ્રીગુસાંઇજીએ મહાપ્રસાદ તથા બીડાં વગેરે આપી, સર્વ નું સન્માન કરી એમને વિદાય થવા રજા આપી, તેથી એમને દંડવત્પ્રણામ કરી સૌ પોતપોતાને દેશ ચાલ્યા ગયા. આ પ્રમાણે શ્રીગુસાંઇજીએ આરંભેલો શ્રીગોકુલેશજીની વર્ષગાંઠ ઉત્સવ (મહોત્સવ) નિર્વિઘ્ને સમાપ્ત થયો.

વલ્લભગુણ ગાવા રે ગાવા, અવસરિયા તો નહીં આવે આવા;
ફરી રે ફરી જનમશો ને મરશો, કે લક્ષ ચોરાસી ફેરા ફરશો. વલ્લભ૦ ૧
કે સેવા સ્મરણ ક્યારે કરશો ? સતસંગમાં સદા રહેશો;
મારૂં રે મારૂં સહુકોઇ કહે છે, એ તો સર્વે બાળપણાથી બોલે. વલ્લભ૦ ૨
આંગણિયે તો આંબલિયો પાકે, તેનો રસ ભગવદીયો ચાખે;
કર્યા રે કૃત્ય કાગળીએ ચઢશે, કે જમના તો ઝપાટા પડશે;
પછી જીવને પસ્તાવો થાશે, વલ્લભ ગુણ ગાવા રે ગાવા. વલ્લભ૦ ૩
દાસ દયો એમ કહી કહે છે, કે જીવને શિક્ષાઓ દે છે;
તોએ મૂરખ મનમાં નવ લહે છે. વલ્લભ ગુણ ગાવા રે ગાવા. ૪

..ક્રમશઃ

સંકલન :- દાસ ગોપાલ, જૈ જૈ શ્રીગોકુલેશ પરિવાર, વડોદરા

શ્રીગોકુલેશ વાક્સુધા

।। श्रीसर्वोत्तमस्तोत्रम् ।।

।। શ્રીગોકુલનાથજીની ટીકા સહિત ।।

...ગતાંકથી આગળ

ગયાં અંકમાં આપણે શ્રીગુસાંઈજી પ્રગટિત શ્રીમહાપ્રભુજીનું ત્રીજું નામ श्रीकृष्णास्यं[3] વિષે સમજવાનો પ્રયાસ કર્યો. શ્રીમદ્ ભાગવતમાં જો આપણે અનુસંધાન કરવું હોય તો આપણે શ્રીકૃષ્ણાસ્યંને દશમ્ સ્કંધમાં અલગ અલગ જગ્યાએ આ નામની પ્રતિતી થાય. श्रीवत्सलक्ष्मं (૧૦.૩.૯), कृष्णावतारोत्सवसम्भ्रमोऽस्पृशन् (૧૦.૩.૧૧), त्वत्तोऽस्य जन्मस्थितिसंयमान् (૧૦.૩.૧૯).

આમ આપણે જો આ નામોને સમજવું હોય તો શ્રીમદ્ ભાગવતનું પણ અનુસંધાન અવશ્ય રાખવું પડશે. હવે આપણે શ્રીમહાપ્રભુજીનું ચોથા નામનું પ્રયોજન, અને કારણ સમજવાનો પ્રયાસ કરીએ. શ્રીગુસાંઈજીએ એક એક નામને ખૂબજ યોજના-બદ્ધ રીતે પ્રગટ કર્યાં છે. આ નામો જે શ્રીગુસાંઈજીએ પ્રગટ કર્યાં તે સ્વતંત્ર નહીં, પણ એક પછી એક ને જોડે છે, ક્રમ-બદ્ધ છે. જેમ ગયાં વખતે આપણે જોયું કે **શ્રીમહાપ્રભુજી શ્રીકૃષ્ણનું શ્રીમુખારવિંદ श्रीकृष्णास्यं સ્વરૂપ છે**. જવે એક મનમાં સંદેહ ઉત્પન્ન થાય કે જો શ્રીમહાપ્રભુજી શ્રીકૃષ્ણના શ્રીમુખારવિંદ સ્વરૂપ છે, તેથી આપશ્રી શ્રીપૂર્ણ પુરુષોત્તમના સમાન થયા, સ્વયં શ્રીપુરુષોત્તમ થયા. એમ શ્રીમહાપ્રભુજીનું પ્રાગટ્ય એવા સ્થળમાં હોવું જોઈએ કે જેમ શ્રીગોકુલેશ (શ્રીકૃષ્ણ)નું પ્રાગટ્ય અલૌકિક વ્રજમાં થયું હતું, પરંતુ આપશ્રીનું પ્રાગટ્ય અન્યત્રે થયું, એટલે કે ચંપારણ્ય (આજનું ચંપારણ્ય નહીં, પણ શ્રીમહાપ્રભુજીના સમયનું ચંપારણ્ય). તો તેનું કારણ શું? આવી જ્યારે શંકા થાય તો ત્યાં શ્રીગુસાંઈજી આજ્ઞા કરે છે કે આવું સંદેહ કરવું ન જોઈએ. તેના સમાધાનમાં આપશ્રી શ્રીમહાપ્રભુજીનું ચતુર્થનામ પ્રગટ કરે છેઃ **कृपानिधिः**[4] શ્રીમહાપ્રભુજી કૃપાના નિધિ (ખજાનો, ભંડાર) છે.

आनन्दः[1] परमानन्दः[2] श्रीकृष्णास्यं[3] कृपानिधिः[4] ।।
दैवोद्धारप्रयत्नात्मा[5] स्मृतिमात्रार्तिनाशनः[6] ।। ७ ।।

ભાવાર્થ :- આનંદ, પરમાનન્દ, શ્રીકૃષ્ણાસ્ય (શ્રીકૃષ્ણનું મુખ), કૃપાનિધિ (કૃપાના નિધિ-ખજાના), દૈવોદ્ધાર પ્રયત્નાત્મા (દૈવીજીવોના ઉદ્ધાર માટે જે ઉદ્યમ કરે છે), સ્મૃતિમાત્રાર્તિનાશન (સ્મરણ માત્રથી ત્રિવિધ તાપનો નાશ કરનાર). ૭

શ્રીકૃપાનિધિઃ[૪] શ્રીકૃપાનિધિ (કૃપાના નિધિ,ખજાનો, ભંડાર).

રાગ: ભૈરવ

કૃપાનિધિ કૃપા કીની દરસ દિખાયૌ ।।
ભટકિ ભટકિ સબ તીન લોકમૈં અબ યહ નિધિ પાયૌ ।। ૧ ।।
શ્રુતિ-સ્મૃતિ-સૂત્ર-પુરાન-અગોચર સુર નર મુનિ કોઉ પાર ન પાયૌ ।।
શ્રીહરિવદન વહ્નિ કરુના કરિ નિજસ્વરૂપ - મહિમા બતાયૌ ।। ૨ ।।
ષટ્-સાધન-અદિકાર નષ્ટ ભએ કલિમેં કૃષ્ણ ભજન સું સિખાયૌ ।।
યહ વિવેક જાનિ જિય અપનૈ જન **ગોવિન્દ** વિમલ જસ ગાયૌ ।। ૩ ।।

શ્રીમહાપ્રભુજી કૃપાના નિધિ (ખજાનો, ભંડાર) **કૃપાનિધિઃ**[૪] છે.

મૂળ ટીકા ભાવાર્થ:- કૃપાનિધિ : આપશ્રીનું(શ્રીમહાપ્રભુજી) મુખ આપની (શ્રીકૃષ્ણ) સમાન હોવાથી, જેમ શ્રીકૃષ્ણ અલૌકિક વ્રજમાં પ્રકટ થયા, તેવી રીતે શ્રીકૃષ્ણના મુખનું પણ અલૌકિક સ્થળેજ પ્રાગટ્ય થવું જોઈતું હતું, પરંતુ લૌકિક (પુરુષોમાં) યોગ્ય નથી, એવી શંકા થાય, તે દૂર કરવા **કૃપાનિધિ** નામ શ્રીગુસાંઈજીએ પ્રકટ કર્યું છે. કૃપાના નિધિ એટલે ધામ, અત્યંત અલૌકિક કૃપા જેમનામાં છે તેવા, એવો અર્થ છે. જેમના ઉપર કૃપા કરવાની છે તેઓ લૌકિક (પુરુષો)માં જ પ્રકટ થયેલા હોવાથી, શ્રીમહાપ્રભુજી સ્વયં પણ અહીં પ્રાકટ્ય ન કરે, તો આપશ્રીના ઉપર કૃપા કરવાનું સંભવતું ન હોવાથી પોતે **કૃપાનિધિ**એ નામ કહેલું છે. છતાં પણ કૃપાનિધિ હોય તો પણ પોતે અંગીકાર કરેલા જીવોને પોતે પ્રકટ કરેલા ભક્તિમાર્ગનું સાક્ષાત્ ભગવત્સંબંધરૂપ ફલ આપવાનું કેમ સંભવે? એવી પણ કોઈ શંકા કરે, તેથી આપશ્રી (શ્રીમહાપ્રભુજી)ના નામ સાથે નિધિ શબ્દ શ્રીગુસાંઈજીએ નિધિ શબ્દ યોજેલ છે. તેનો અભિપ્રાય આ પ્રમાણે છે. જેમ સમુદ્ર જલનિધિ (જલનો ખજાનો, ભંડાર) હોવાથી અગાધ જલરાષી, જલવાળો કહેવાય છે, તેથી અગાધ (જલ)માં પડેલું મોટું અને નાનું વાસણ (જલથી) ભરાઈ જ જાય છે, તેમ શ્રીમહાપ્રભુજીએ પ્રકટ કરેલ ભક્તિમાર્ગમાં અંગીકાર કરેલા જીવોને તેમના અધિકાર પ્રમાણે ફલનો અનુભવ થાય છે, એમ જણાવવા **નિધિ** એમ કહેલ છે.

સરળ સમજુતી :- શ્રીમહાપ્રભુજી અલૌકિક કૃપા - સહિત છે તેથી જે જીવો ઉપર કૃપા કરવા ઈચ્છે છે તેઓ તો આ લોકમાં પ્રગટ્યા છે. તેથી આપ પણ અહિં પ્રગટ ન થયા હોત તો તેમનો ઉદ્ધાર ન થાત. તો ત્યારે તો શ્રીમહાપ્રભુજી આપ **कृपानिधिः**[४] ન કહેવાત. તેથી આપ પણ આ લોકમાં પ્રગટ થયા. નિધિ તો અગાધ હોવાથી બધાને પરિપૂર્ણ કરે છે. તેથી શ્રીમહાપ્રભુજી દ્વારા પ્રકટાવેલા ભક્તિમાર્ગમાં અંગીકાર થયેલા બધાને પોતપોતાના અધિકાર પ્રમાણે સ્વરૂપ-ફલ પ્રદાન થશે જ.

શ્રીમહાપ્રભુજી કૃપાના નિધિ - ખજાનો कृपानिधिः સ્વરૂપ છે.

..ક્રમશઃ

સંકલન :- દાસ ગોપાલ, જૈ જૈ શ્રીગોકુલેશ પરિવાર, વડોદરા

શ્રીગોકુલનાથજીકે ચોબિસ વચનામૃત

૯. વૈષ્ણવે નિંદા કરનાર વૈષ્ણવ સાથે વર્તનની સમજ

અબ શ્રીગોકુલનાથજી કલ્યાણ ભટ્ટ પ્રતિ આજ્ઞા કરત હૈ ઔર હું (નવમો) લક્ષણ કહેત હે જો, કોઈ નિંદા-દુ:ખવચન-દુર્વચન કહે તિનકો સબ સહી લેનો. આપુનમેં દોષ જાનિકે ઉનતે કછુ ન કહેનો-તાકો ઉત્તર ન દેનો. અપને મનમેં ક્રોધ જાનિ ઉનસો ક્રોધ ન કરનો, ઔર અપને હૃદયમેં ખેદ ન કરનો. બહોત વિરોધ હોય તો ઉનસો નેક દૂરિ રહનો. ઉનકો દોષ બુદ્ધિ દેખીકે નેક દોષ ઉનમેં ન દેખનો. ઉનકી કૃત્ય દેખીકે દોષ બુદ્ધિ રંચકહું ન કરની. ઉનસું તો શ્રીગોકુલેશ ભગવદ્‌સ્મરણકો નાતો-વ્યવહાર રાખનો. ઉનકો ઉપકાર અપનસો બની આવે સો પ્રસન્નતાસો કરનો. ઉનકે સંગ ખાનપાનકો વ્યવહાર કબહુ ન રાખનો. ઉનકી નિંદા હું ન કરની. યા પ્રકારસો વૈષ્ણવકે અપરાધતેં ડરપત રહનો. સો એસે ડરપત રહે તાકો સર્વ કાર્ય સિદ્ધ હોય. પ્રભુ કૃપા કરીકે હૃદયમેં પધારે. નિંદા સહની. યહ સર્વોપર વૈષ્ણવકો પરમ ધર્મ હૈ. યા પ્રકાર શ્રીગોકુલનાથજી કલ્યાણ ભટ્ટ પ્રતિ કહે હૈ. ઈતિ નવમો પ્રસંગ. (૯)

..ક્રમશઃ

।। ઈતિ શ્રીગોકુલનાથજીકૃત નવમો વચનામૃત સંપૂર્ણમ્ ।।

સંકલન :- દાસ ગોપાલ, જૈ જૈ શ્રીગોકુલેશ પરિવાર, વડોદરા

સ્વરૂપનિષ્ઠા

શ્રીગોકુલેશપ્રભુચરણના અંતરંગ ભગવદીયો

પરમકૃપાપાત્ર ગોકુલભાઇજી

ગોકુલભાઈજી દાદાનારાયણજીના પાંચમા પુત્ર હતા. ભૂતલ ઉપર તેમના ત્રણ પ્રાગટ્ય મનાય છે. પ્રથમ દામોદર દાસી રૂપે, બીજું પ્રાગટ્ય રાજનગરમાં વિઠ્ઠલદાસના ભાણેજ માનબાઈ નામે અને ત્રીજું પ્રાગટ્ય દાદા નારાયણજીના ઘેર ગંગાબાઈની કૂખે વિ.સં. ૧૬૬૫ના વૈશાખ વદ ૧૧ના દિવસે ગોકુલભાઈજીનો જન્મ થયો હતો.

ગોકુલભાઈજીના પત્નીનું નામ સહજાબાઈ હતું, જે ઉચ્ચ કક્ષાના ભક્ત કવિયત્રી પણ હતા. તેમના ત્રણ પુત્રો : વિઠ્ઠલદાસ, વ્રજદાસ અને નાગરદાસ હતા.

આ ગોકુલભાઈજી શ્રીચતુર્થકુમાર શ્રીગોકુલેશ પ્રભુની સ્નેહાત્મિકા આધિદૈવિક કૃપાનું સ્વરૂપ છે. શ્રીગોકુલેશજીમાં જ સ્વરૂપાસક્ત હતા, અને તેથી શ્રીગોકુલ આવી શ્રીગોકુલેશજીના સાનિધ્યમાં જ જીવન વ્યતીત કર્યું હતું. શ્રીગોકુલેશજીના ક્ષણ ક્ષણના સમાચાર શ્રીગોકુલથી આગ્રા પોતાના ભત્રીજા અને શ્રીગોકુલેશજીના પરમ અંતરંગ કૃપાપાત્ર ભગવદીય મોહનભાઈજીને મોકલતા હતાં. અન્ય ભગવદીયોની જેમ ગોકુલભાઈજીએ શ્રીગોકુલેશજીના નિત્યલીલામાં પધારતી વેળા સહગમન કર્યું નહોતું.

પ્રાણપ્રેષ્ઠ શ્રીગોકુલેશપ્રભુની જ્યારે નિત્યલીલામાં પધારવાની ઈચ્છા થઈ ત્યારે ગોકુલભાઈજીને નિકટ બોલાવીને આપશ્રીએ આજ્ઞા કરી :*તમે મારા પાદાંબુજની સેવા અને યશનું વર્ણન પ્રગટ કરો. તેમજ મારા વિયોગે નિજજનોને સાંત્વન આપો. હું તમારા દ્વારા ભક્તોના ભાવનું પોષણ કરીશ.* શ્રીગોકુલેશજીની આજ્ઞા થતાં ગોકુલદાસજી જમનાદાસ જાનીને મળ્યા અને શ્રીગોકુલેશજીની આજ્ઞા સંબંધીત વાત કરી અને કહ્યું કે - *તમે શ્રીગોકુલેશજીના નિકટવર્તી છો. શ્રીગોકુલેશજીના વચનામૃતો - વાર્તાપ્રસંગો વગેરે સંબંધમાં જે કંઈ સાહિત્યનો સંગ્રહ કર્યો હોય તે મને કૃપા કરી આપશો.* ગોકુલભાઈજીની આ વિનંતી સાંભળી જમનાદાસ જાનીના મનમાં ઘણો જ હર્ષ થયો. સાથમાં વ્યારાવાળા ગોપાલદાસભાઈને પણ બોલાવ્યા. સૌએ સાથે મળીને શ્રીગોકુલેશજીના વચનામૃતો, વાર્તાપ્રસંગો, વગેરે જે કંઈ સાહિત્ય સામગ્રી હતી તે સર્વ સ્વકીય સમાજનું ભાવપોષણ કરવા

સુવ્યવસ્થિત કરી. મોહનભાઈજીના સંગે મહોત્સવનું જે સુખ લીધું હતું અને શ્રીગોકુલેશજીએ જે અલૌકિક સુખનું દાન કર્યું હતું તે સર્વ કંઈ સાહિત્યલેખન દ્વારા પ્રગટ કર્યું.

સં.૧૬૯૨થી ૧૬૯૭ સુધી ઉજવાયેલા શ્રીગોકુલેશ પ્રભુના મહોત્સવનું સવિસ્તાર વર્ણન ગોકુલભાઈજીએ **શ્રીસ્વરૂપાનુભવોત્સવ** નામના ગ્રંથમાં કર્યું છે. આ ગ્રંથની ૯૫૦૦ કડીઓ અને ૧૧૩ માંગલ્ય છે. તદુપરાંત રસાનંદોત્સવ, મંગલરસ, નિત્યચરિત્ર વગેરે અનેક ગ્રંથોની રચના કરી છે. તેમણે રચેલા નિત્યચરિત્રના સાત શોભનનો નિત્ય પાઠ શ્રીગોકુલેશ પ્રભુના અમુક સમાજના અનન્ય સેવકો અદ્યાપિપર્યંત કરે છે. વિશેષમાં ગોકુલભાઈજીએ ગુજરાતી તેમજ વ્રજભાષામાં પણ અનેક ધોળ-પદ રચ્યાં છે. **ગોકુલપતિ**ની છાપ તેમની છે.

સહિયર સમાણી મળી અને, ચાલો સોહાગી સાથ - વલ્લભવરને નીરખીયે;
શ્રીગોકુલૈક-જનજીવન, શ્રીગોકુલકેરો નાથ. વલ્લભ. ૧
ભક્ત જે સ્નેહના અનુભવી, નિરહેતુક દુ:ખ તેહને; વલ્લભ. આઠો પહોર મન શોચમાં, અધિરતા રહે એહને. વલ્લભ. ૨
એહને હેતે સુખ અતિ ઘણું, કુશલ બિરાજે પ્રભુ નિત્ય; વલ્લભ. એહનું રૂપ કો કહી શકે, ઉભયતાની જે પ્રીત. વલ્લભ. ૩
એહવું સ્વરૂપ અતિ અગાધ છે, કેમ કરી વર્ણવ્યું જાય; વલ્લભ. અનુભવ ને આશે કરી, કાંઇ એક તે કહેવાય. વલ્લભ. ૪
શણગારસાર શિરોમણિ, ભક્તાભ્રણ અનુપ; વલ્લભ. સ્વરૂપ વર્ણન એ સૂચનિકા માત્ર કહું સુખ રૂપ. વલ્લભ. ૫
મરકત કેશ સોહામણા, સચીકણ અતિ સ્યામ; વલ્લભ. અંબોડલો મોહે મોહની, લટકતો સુભગ સુઠામ. વલ્લભ. ૬
લિલાવટી તે અતિ ત્રપત્રપે, તેજ તણો નહિ પાર; વલ્લભ. રાજે ભક્ત સોહાગનું, તિલક રેખા શ્રૃંગાર. વલ્લભ. ૭
ભ્રકુટીબંક વિલોકતાં, દિસે ધનુષ્યાકાર; વલ્લભ. નેન અલોલ રસે ભર્યાં, બાણ કટાક્ષ શું મારે. વલ્લભ. ૮
નાસા દીર્ઘ નિરૂપમ, અંગ સકલનું સાર; વલ્લભ. ત્રિય સંગ અંગ આમોદનો, એહ નિરંતર આહાર. વલ્લભ. ૯
કરણકૂપ રસસંચિયો, ભક્તતણો જશ જેહ; વલ્લભ. ભાવ પૂરિત જઈ ઉઝલે, ગલ સ્થલ લહે તેહ. વલ્લભ. ૧૦
વિકસિત મુખ દંત ચમકતા, રસરંજિત સોહે સ્યામ; વલ્લભ. રસના રસ પોષણ કરે, સદા સુખદ અભિરામ. વલ્લભ. ૧૧
અધર ઉભય લોભાત્મિક, સહજ અરુણતા અપાર; વલ્લભ. તંબોલ રંજિત રસ ભર્યો, પૂરણ સુખ આધાર. વલ્લભ. ૧૨
ચિબુક ચારુ મનોહર, સુભગ સ્થલ એ અવ્યક્ત; વલ્લભ. મુખકમલ ગુણમાધુરી, વરણન કરવા અશક્ય. વલ્લભ. ૧૩
ગ્રીવા ગુણ રસપૂરણ, અદ્‌ભૂત પ્રગટ પ્રકાર; વલ્લભ. તુલસીમાલા પ્રિય ઘણું, નિત્ય કરી અંગીકાર. વલ્લભ. ૧૪
ગુંજા મુક્તા હેમની, કો સંગે પહેરી શોભે; વલ્લભ. વક્ષ:સ્થળ પર રાજતી, દેખતાં મનડાં લોભે. વલ્લભ. ૧૫
હૃદય પરમ વિશાલ ત્યાંહાં, રાજે ઉચ્ચ ઉરોજ; વલ્લભ. નાયકા નવલ રે દેખતાં, વાધ્યો અંગ મનોજ. વલ્લભ. ૧૬
ઉદરસાર આનંદનું નાભિકમલ મધ્ય રાજે; વલ્લભ. મકરંદ માધુર્ય પાનને, ભક્ત અલિંગણ ભ્રાજે. વલ્લભ. ૧૭
ભુજાદંડ વિશાલનું, કારણ છે બહુ પ્રિત; વલ્લભ. મનોરથ વિધ વિધ પૂરવા, દક્ષ નાયક રીત. વલ્લભ. ૧૮
કરકમલ ઉંચો રહ્યો, મન ઈચ્છિત ફળ આપે; વલ્લભ. દાન મુદિત નિતપ્રતિ સદા, આપી અચલ કરી થાપે. ૧૯
પાણ્યપલ્લવ સોહે મુદ્રિકા જડિત અમોલક નંગ; વલ્લભ. નખચન્દ્રની આભા થકી, ઓપ્યા અદ્‌ભૂત રંગ. વલ્લભ. ૨૦

પ્રષ્ઠનાં અંગ જે અભિનવાં, કટિ નિતંબ દેઇ આધ; વલ્લભ. એ અંગના જે અનુભવી, તે લહે એ સ્વાદ. વલ્લભ. ૨૧
જંઘન સ્થલ મધ્ય રાજતુ, અખંડ રસનું દ્વાર; વલ્લભ. રસિક જન રસ દાન ને, ઉભય રસ ઉદાર. વલ્લભ. ૨૨
કેશર સોંધે ધોતી ભરી, શોભા પામી સંગ; વલ્લભ. ઉપરણો ઓઢ્યો પ્રકાર શું, ઓછાઘા સર્વ અંગ. વલ્લભ. ૨૩
કામકેલિરણ જીતવા, જંઘા જાનુ અતિ ધીર; વલ્લભ. પરમ સુભટ શિરોમણિ, વીરાધિપતિ એ વીર. વલ્લભ. ૨૪
ચરણાર્વિંદ કલ માધુરી, અવ્યક્ત પરમ સુદેશ; વલ્લભ. રસિક નાયક રસ ભર્યા, રાજે રસ આવેશ. વલ્લભ. ૨૫
અંગ અંગ રસ વિરલતા, શી પેરે ઉરમાંહાં આવે; વલ્લભ. મહદ્ અનુગ્રહ જો હોય, તો પ્રભુ પોતે જણાવે. વલ્લભ.૨૬
મનોરથ સખી અભિલાખ એ, બહુ પેરે મન ધરી આશ; વલ્લભ. શ્રી**ગોકુલપતિ**ને વિનવું, રાખો તમારી પાસ. વલ્લભ. ૨૭

આશરે દસ વર્ષ સુધી શ્રીગોકલેશજીનો વિયોગમાં ભૂતલ ઉપર રહીને, ગોકુલભાઇજીએ શ્રીગોકુલેસજીના શ્રીચરણારવિંદની સેવાની રીત, મહોત્સવનો પ્રકાર વગેરે શ્રીગોકુલેશજીના અનન્ય સેવકો માટે પ્રગટ કર્યાં હતાં અને શ્રીગોકુલેશજીની આજ્ઞાનુસાર વિરહીસમાજનું ભાવસિંચન કર્યું હતું.

મહદ્મણિ (પરમકૃપાપાત્ર) ગોકુલભાઇજી શ્રીગોકુલેશજીના અનન્ય કૃપાપાત્ર ભગવદીય હતા. તેમના હૃદયનો ભાવ અગાધ હતો. શ્રીગોકુલેશજી સદા તેમના ઉપર પ્રસન્ન રહેતા હતા. તેમના ભાગ્ય અને ભાવનું વર્ણન લૌકિક રસનાથી કરી શકાય એમ નથી.

...ક્રમશઃ

સંયોજનઃ- સ્વરૂપનિષ્ઠા પુસ્તક, પ્રકાશક ભાઇલાલભાઇ શેઠ.

સંકલન :- દાસ ગોપાલ, જૈ જૈ શ્રીગોકુલેશ પરિવાર, વડોદરા

શ્રીધોલ પદ

શ્રીવિઠ્ઠલગૃહે પ્રગટિયો દીપક

શ્રીવિઠ્ઠલગૃહે પ્રગટિયો દીપક, ત્રિલોક ઉદ્યોત હવોજી;
અઘોર તિમિર ટાળ્યું રસલીલા પ્રગટ કરી, એવા રે કૃપાલ શ્રીગોકુલનાથજી. ૧
ભૂતલ દેહ ધરી, દાસને હિતે કરી, નીરખીએ નયનાં તે ભરીજી. ૨
સુખ તણું ધામ તે શ્રીવલ્લભ નામજી, કામ પૂર્ણ હવાં ભક્તનાંજી. ૩
પરમ મનોહર ઉદારરાયજી, રૂપાંબાઇ જાય તે વારણેજી. ૪

વિષ્ણુદાસકૃત શ્રીગોકુલેશ પ્રભુકે સન્મુખકે પદ

રાગ દેવગંધાર :- શ્રીગોકુલનાથ વિમલ જસ ગાઉં ।। નિરખૌં શ્રીવલ્લભજૂકી સહજ માધુરી શ્રવણન સદા સુનાઉં ।। ૧ ।। નિરખૌ રૂપ રસાલ નૈંન ભરિ તન ત્રૈતાપ બુઝાઉં ।। મન વચ ક્રમ મેરે યહ જીવન ચિત ચરણાંબુજ લાઉં ।। ૨ ।। કરૂણાસિંધુ કૃપાલ કૃપાનિધિ એક બોલ હૌ પાઉં ।। **વિષ્ણુદાસ** દ્વારે કે જાચક અનત ન જાચન જાઉં ।। ૩ ।।

સંકલન :- દાસ ગોપાલ, જૈ જૈ શ્રીગોકુલેશ પરિવાર, વડોદરા

વિચાર કરવો જોઇએ !

સેવાપ્રયોજન

ગયાં અંક સુધી આપણે જાણ્યું કે સેવાનું સ્વરૂપ કેવું હોવું જોઇએ. શ્રીમહાપ્રભુજીના મતાનુસાર, પૂર્વાચાર્યની વાણીને આધારે આપણે સેવા-સ્વરૂપ સમજવાનો પ્રયાસ કર્યો. હવે સેવા આપણે કરવી છે કે નહીં? કેમ કરવી છે? તેનું પ્રયોજન શું? ચાલો આપણે હવે આ વિષયને શ્રીમહાપ્રભુજીની વાણી અને મહાનુભાવ આચાર્યોની વાણીથી સમજવાનો પ્રયાસ કરીએ.

न लौकिकः प्रभुः कृष्णो मनुते नैव लोकिकम् ।

૧.પ્રભુતો ભાવના ભુખ્યા છે, આપણું સર્વ સમર્પણ સમજે છે. ભલે આપણે પોતે માલપૂઁવા ખાઇએ અને શ્રીપ્રભુને મિસરી ધરાવીએ, પણ તે તો સમજે છે આપણા ભાવને! ૨.અરે, આજે તો ...... હવેલીમાં .... મનોરથ છે, ચાલો આપણે જરાં જોઇને તો આવીએ કે ત્યાં કેવી સજાવટ છે! ૩. આપણું તો સર્વ લૌકિક - અલૌકિક સિદ્ધ કરનાર તો ઉપરવાળો છે, પછી બીજું કરવાની જરૂર શી? તેથી એક વાર માથું નમાવીને વિનંતી કરી લેવી. પછી બેડો પાર! ૪.મારે ત્યાં પારણું બંધાયુ, એટલે હવે શ્રીનાથજી જઇને જે માનતા માની હતી કે મારે ત્યાં પારણું બંધાશે ત્યારે હું દર્શન કરવા આવીશ!!! વગેરે વગેરે અનેક અટકળો આજકાલ આપણને સાંભળવા મળે છે. પણ શ્રીકૃષ્ણ કાંઇ લૌકિક નથી. શ્રીકૃષ્ણને જો પોતાને હિતે વિચારવા હોય તો કેવળ અલૌકિક પ્રયોજન હોવું જોઇએ. શ્રીમહાપ્રભુજી આપણને શિક્ષાપદ્યાનિ ગ્રંથમાં આજ્ઞા કરે છે કે :

भावस्तत्राप्यस्मरदीयः सर्वस्वश्चैहिकश्च सः ।।

परलोकश्च तेनायं सर्वभावेन सर्वथा ।

सेव्यः सएव गोपीशो विधास्यत्यखिलं हि नः ।।

(शिक्षापद्यानी)

ન તો શ્રીકૃષ્ણ લૌકિક પ્રભુ છે ન તે ક્યારેય લૌકિક ભાવોનો અંગીકાર કરે છે. અમારો ભાવ તો શ્રીકૃષ્ણની બાબતમાં આ જ છે કે શ્રીકૃષ્ણ અમારા સર્વસ્વ છે, ઐહિક પણ અને પારલૌકિક પણ. તેથી સર્વભાવથી સર્વથા સેવ્ય તે શ્રીગોપીશ જ છે. તેઓજ આપણું બધું કરશે. (શિક્ષાપદ્યાનિ)

लोकार्थी चेद् भजेत् कृष्णं क्लिष्टो भवति सर्वथा ।

(सिद्धांत मुक्तावलि. १६)

ननु कश्चिद् जीविकाद्यार्थमपि भजते तस्य का गतिः ? इत्यत आहुः **लोकार्थी** इति. लोक पदेन लौकिको अर्थः उच्यते। तदर्थी चेत् कृष्णं भजेत् तदा व्यापारवद् अर्थे सिद्धे तस्यापि अनर्थरूपत्वेन तत्कृतभजनस्य भक्तित्वाभावात् तत्कृतं सर्वं क्लेशरूपमेव, अतः क्लिष्टो भवति इति अर्थः । न केवलम् ऐहिवेः क्लेशः किन्तु परलोकोपि नश्यति निषिद्धाचरणादिति **सर्वथा** इति उक्तम् । यस्य स्वल्पमपि ज्ञानं स नैवं करोति; सर्वथा तद्रहितः कश्चिद् एवं कुर्यादपि इति **चेद्** इति उक्तम् ।

(श्रीगुसांइजी प्रभुचरणविरचित सि.मु.विवृत्ति. १६)

પણ આ બધું જાણ્યાં પછી પણ આપણે જેવા છે તેવાજ હોઇએ તો શું થાય? જો કોઇક લોકાર્થી કૃષ્ણનું ભજન કરે તો શું થાય? **ત્યાં શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે :**

જો કોઇક લોકાર્થી શ્રીકૃષ્ણનું ભજન કરે તો સર્વથા ક્લેશને જ પામે છે. (સિદ્ધાંત મુક્તાવલિ. ૧૬)

આ થોડું વિસ્તારથી સમજાવશો! હા, શ્રીગુસાંઇજી આ વિષયપર સ્વકૃત વિવૃત્તિ પ્રગટ કરે છે, આપણને યથાર્થ માર્ગદર્શન પ્રદાન કરે છે. આપશ્રી આજ્ઞા કરે છે કે : *કોઈ આજીવિકા કે યશ વગેરે કમાવવા માટે શ્રીકૃષ્ણ ભજન કરે તો તેની શી ગતિ થાય? તેવી જિજ્ઞાસાના સમાધાનાર્થે શ્રીમહાપ્રભુજીએ આ જે શ્લોક પ્રગટ કર્યો છે.* ***લોક****નો અર્થ છે લૌકિક ધન વગેરે. તેવી કામના રાખી જો કોઈ કૃષ્ણને ભજે તો જેમ વ્યાપાર-ધંધો કરતાં ધનાદિ પ્રાપ્ત થાય છે તેમ ધનાદિ તો પ્રાપ્ત થાય છે. તે ધન, પરંતુ અનર્થરૂપ જ હોવાથી તથા તેવાઓનું ભજન ભક્તિરૂપ ન હોવાથી તેમનું કરેલું સર્વ (પારિવારિક-સામાજિક-સાંપ્રદાયિક) ક્લેશરૂપ જ થાય છે. તેથી તે વ્યક્તિ પણ અંતે ક્લેશ જ પામે છે - એવો શ્રીમહાપ્રભુજીના કથનનો સીધો-સરલત્તમ અર્થ છે, અભિપ્રાય છે, આજ્ઞા છે. વાત કેવળ ઐહિક (એટલે કે પરિવાર-સમાજ-સંપ્રદાય)માં ક્લેશ પર નથી અટકતી, પલોકના અધિકાર અને ફલનો પણ*

*આવા નિષિદ્ધાચરણને કારણે નાશ થાય છે. એ સ્પષ્ટ કરવા શ્રીમહાપ્રભુજીએ **સર્વથા** એમ કહ્યું. જેને (શાસ્ત્ર-માર્ગ-પરંપરા-ભગવત્સ્વરૂપ-ભક્તિભાવ-નીતિનું) અત્યલ્પ પણ જ્ઞાન કે સંસ્કાર હોય છે તે આવું કુકૃત્ય કરી શક્તો નથી, પણ કોઈ રડ્યો-ખડ્યો આવા જ્ઞાન અને સંસ્કારથી સર્વથા રહિત જ હોય તે આવું કરી પણ બેસે એ સંભાવનાને ન નકારતાં શ્રીમહાપ્રભુજીએ **જો** એમ આજ્ઞા કરી છે. (શ્રીગુસાંઈજી વિરચિત સિ.મુ.વિ. ૧૬)*

तस्य सेवां प्रकुर्वीत यावज्जीवं स्वधर्मतः ।

न फलार्थं न भोगार्थं न प्रतिष्ठाप्रसिद्धये ।।

श्रीमदाचार्यमार्गेण नान्येनापि कदाचन ।

न कल्पितप्रकारेण न दुर्भावसमन्वयात् ।।

(शिक्षापत्रम् १८/ १२-१३)

વાહ! કેવા સુંદર વચન છે, અને કેટલું સુસ્પષ્ટ આજ્ઞા છે, કે ક્યારેય શ્રીકૃષ્ણ લૌકિક નથી, અને જો આપણે કેવળ પોતાના મોજ-શોખ ખાતર શ્રીકૃષ્ણને જાણતા હોઈએ, તો તે સર્વથા ક્લેશ પ્રદાન કરનાર છે. આપણા પૂર્વાચાર્યોએ આપણને આ પુષ્ટિમાર્ગનું યથાર્થ સ્વરૂપ પ્રગટ કર્યું છે, પણ આપણી માર્ગ પ્રત્યેની કેવળ લૌકિક વૃત્તિને કારણે આપણે આ માર્ગને તેના મૂલ સ્વરૂપે સમજવામાં અસમર્થ બની ગયાં છીએ. કદાચ ક્યારે આપણે આવા વચનો જ્યારે વાંચવામાં કે સાંભળવામાં આવે તો આપણને લાગે કે આજે જે પુષ્ટિમાર્ગ પ્રવર્તિત થઈ રહ્યો છે, તેનો આપણે વિરોધ કરી રહ્યાં છીએ. આપણે જે શ્રીકૃષ્ણ સ્વરૂપ આજકાલની વ્યવસાહિક કહેવાતી પુષ્ટિમાર્ગીય હવેલીઓમાં-મંદિરોમાં બીરાજી રહ્યાં છે, તે જ સાચું છે, અને પૂર્વાચાર્યોની વાણી ખોટી. શ્રીકૃષ્ણની સેવા તો શ્રીમહાપ્રભુજીએ પોતાના (સ્વમાર્ગીય જીવ) ઘરમાં પોતાનું સ્વધર્માનુસાર કરવી જોઈએ. તેથી આપણું પ્રયોજન પહેલા સ્પષ્ટ કરી લેવું જોઈએ, કે શ્રીકૃષ્ણ શું લૌકિક રૂપે અલૌકિક મનોરંજનનું સાધન છે, કે પછી પૂર્વાચાર્યની આજ્ઞા નુસાર કાંઈક ભીન્ન? મનોરથોની ઝાંખીમાં કેવળ એક પ્રદર્શને બિરાજવાનું સ્થાન છે કે પછી કાંઈક ભીન્ન? માર્ગના અતિપ્રસિદ્ધ એવા પૂર્વાચાર્ય શ્રીહરિરાયચરણ (જેમને માર્ગમાં આપણે શ્રીહરિરાય મહાપ્રભુના નામે ઓળખીએ છીએ) આ વિષયમાં કઈક સ્પષ્ટિકરણ શિક્ષાપત્રમાં આ પ્રમાણે કરે છે :

પોતાને માથે બિરાજતા શ્રીઠાકોરજીની સેવા સ્વધર્મ (પોતાના તન-મન-ધન-ગૃહ-પરિવારના જ વિનિયોગને) નભાવતાં કરવી જોઈએ. કોઈ ફલ કે ભોગ કે પ્રતિષ્ઠા પ્રાપ્ત કરવા માટે નહીં, વળી તે સેવા પણ શ્રીમદાચાર્યચરણ દ્વારા નિર્દિષ્ટ માર્ગને અનુસાર જ કરવી જોઈએ. (સંગઠન-પરિષદ-પ્રશિક્ષણ

-જનકલ્યાણના લોકાભિમત કહેવાતા ઉદાત્ત આશયના) કલ્પિત પ્રકારોથી નહિં. દુર્ભાવ (બીજા કોઇક જાહેર કે વ્યવસાયિક મંદિરોની સાથે ચડસાચડસી)ને વશીભૂત થઇજે નહીં. (શિક્ષાપત્ર. ૧૮/૧૨-૧૩)

શ્રીગોકુલેશ (શ્રીકૃષ્ણ)ને જો પામવું છે, તો પહેલાં આપણે તેનું પ્રયોજન નક્કી કરવું પડશે. જો શ્રીમહાપ્રભુજીના પુષ્ટિમાર્ગાનુસાર પામવું છે, તો પછી અહીં કેવળ શ્રીમહાપ્રભુજીના જ નિયમો ચાલશે. મારા કે તમારા નહીં. તેથી આ વિષયને આપણે વિચારીએ, અને સમજવાનો પ્રયાસ કરી માર્ગના સાચા અર્થને સમજવાનો પ્રયાસ કરી, પોતાનું પુષ્ટિમાર્ગીય જીવન સાર્થક કરવા પ્રેરિત થઇએ.

સંકલન :- દાસ ગોપાલ, જૈ જૈ શ્રીગોકુલેશ પરિવાર, વડોદરા

।। શ્રીગોકુલેશો જયતિ ।।
ગોકુલસ્ય તુ યો ગોપ્તા પુષ્ટિસુપથરક્ષિતા ।
જનિતા તુર્યવંશસ્ય ગોકુલેશં નમામિ તમ્ ।।
શ્રીગોકુલપતેર્ નિત્યં શુભદમાસ્પદં મહત્ ।
શ્રીવાલ્લભમતે નિષ્ઠં તુર્યપીઠં વયં નુમઃ ।।
શ્રીચતુર્થપીઠાધીશ્વર પૂજ્યચરણ ગુરુદેવ
ગોસ્વામી શ્રીદેવકીનંદનાચાર્યશ્રીના આશિર્વાદથી

શ્રીમદ્ ગોકુલ આવતા શ્રીચતુર્થગૃહના સેવકોને સન્મુખ-શ્રીચરણસ્પર્શ સંબંધી આવશ્યક માર્ગદર્શન

...ગતાંકથી આગળ

નોંધઃ - આપણા અલૌકિક શ્રીવાલ્લભ સિદ્ધાંત નિષ્ઠ શ્રીચતુર્થગૃહમાં બીરાજતા સર્વદા સેવ્ય દાદાજી શ્રીગોકુલેશ પ્રભુચરણ પ્રગટ બીરાજતાં શ્રીબેઠકજીએ સેવક-વૈષ્ણવોને શ્રીચરણસ્પર્શ માટે અનિવાર્ય નિયમો, તે જાણવા જરૂરી છે. જેથી આપણે જ્યારે પણ શ્રીમદ્ ગોકુલ જઇએ ત્યારે કોઇ તકલિફ ન પડે, તેથી આ આવશ્યક માર્ગદર્શન જાણી લેવું જરૂરી છે.

- કેવળ શ્રીચતુર્થગૃહની કંઠીદીક્ષા અને / અથવા બ્રહ્મસંબંધ દીક્ષા લેનાર વૈષ્ણવોને જ અહીં શ્રીચરણસ્પર્શ કરવાનો અધિકાર છે, અન્ય કોઇ ગૃહનાં વૈષ્ણવો શ્રીચરણસ્પર્શ કરી શકતા નથી.
- શ્રીબેઠકજીમાં સામગ્રીભોગ (આજકાલ જે અન્ય શ્રીબેઠકજીઓમાં થાય છે તેમ) સેવક-વૈષ્ણવોથી ધરી શકાતો નથી તેમજ ઝારીજી પણ ભરી શકાતા નથી, માત્ર શ્રીચરણસ્પર્શ જ થઇ શકે છે.

• શ્રીમદ્ ગોકુલમાં સૌ પ્રથમ વાર આવનાર શ્રીચતુર્થગૃહના સેવકે અહીં પોતાના પ્રાણપ્રેષ્ઠ અને સર્વદા સેવ્યા શ્રીદાદાજી શ્રીગોકુલેશ પ્રભુચરણની સન્મુખ થવું અનિવાર્ય છે. આ માટે શ્રીચતુર્થગૃહના મુખ્ય કાર્યાલયમાં સેવા આપતા વૈષ્ણવને પ્રથમ વિનંતી કરવી અને તેમની સહાયથી દીનતા અને ભક્તિભાવપૂર્વક શ્રીબેઠકજી સન્મુખ થવું, અને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરવા.

• સન્મુખ થયા બાદ, શ્રીબેઠકજીમાં શ્રીચરણસ્પર્શ કરવા ઈચ્છુક વૈષ્ણવ ભાઈ-બહેને પ્રથમ મુખ્ય કાર્યાલયમાં વિનંતી કરવી અને તે દ્વારા **શ્રીચતુર્થપીઠાધીશ્વર પૂજ્યચરણ શ્રીગુરુદેવ શ્રીદેવકીનન્દનાચાર્યશ્રી** પાસે સ્વયં ઉપસ્થિત રહી, શ્રીચરણસ્પર્શ માટે વિધિસર આજ્ઞા પ્રાપ્ત કરવી.

• સન્મુખ થનાર વૈષ્ણવે વ્રત કરતાં અગાઉ શ્રીપ્રભુની રસરૂપ પ્રસાદી સખડી લેવી અનિવાર્ય છે, અને ત્યારબાદ જ બીજા દિવસે વ્રત કરવું. જેની માહિતી શ્રીચતુર્થપીઠના મુખ્ય કાર્યાલય પરથી પ્રાપ્ત થઈ શકે.

• વ્રતના દિવસે માત્ર ફલાહાર અને દૂધ લેવાં. અન્ય કોઈપણ પ્રકારનો અન્નાહાર, પાન ગુટખા, ધૂમ્રપાન વગેરેનું સેવન કરવું નહિં.

...ક્રમશઃ

સંકલનઃ- રાજેન્દ્રભાઈ કડકીયા (યુ.એસ.એ.)

જૈ જૈ શ્રીગોકુલેશ

નિત્યલીલા શ્રીગોકુલ નરેશ શ્રીચતુર્થપીઠાધીશ્વર શ્રીકન્હૈયા પ્રભુ રચિત ધોળ

આજ સખી હું તો આનન્દ પામી, અખિલ ભુવનપતિ ગરુડારે ગામી;
પધાર્યા છે અંતર્યામી રે, ચાલો દર્શન જઈએ. ૧
ફૂલની ગાદી ને ફૂલના તકિયા, ફૂલની સેજ બિછાઈએરે, ચાલો. ૨
ચીરના ચંદરવા ને મંડપ મોટા, બંદનવાર બંધાઈએ રે. ચાલો. ૩
માનિની ગાવે ને ચોક પુરાવે, મંગલ કલશ ભરાઈએ. ચાલો. ૪
સોનારૂપાનાં તે ફૂલડાં વધાવો, છત્ર ચમર તે ઢોળાઈએ રે. ચાલો ૫
વરઘોડો વાલમજીનો આવ્યો, કીર્તન ધોળ તે ગાઈએ રે. ચાલો ૬
કાનજી આવે ને મોટા મંડપ રચાવે, હીરજીભાઈને બોલાઈએ રે, ચાલો. ૭
વાજિંત્ર વાગે ને સર્વે સુહાવે, ઝાંઝ મૃદંગ બજાઈએ રે, ચાલો. ૮
શ્રીવિઠ્ઠલ પ્રભુ વઈષ્ણવ મળીને, શ્રીફળ ભેટ ધરાઈએ. ચાલો. ૯

કવિત

મનવૃત જાનવેકો, હિત પહિચાનવેકો,
ગુનગાન માનવેકો ગોકુલેશ નિધિ હૈ;
યાકે સુખ બિના રંચ આન સુખ માનત હૈ,
સોઈ દુ:ખરૂપ એ તો અનુભવસિધ્ધ હૈ;
યાસોં હેત કરિ ધરિ ધીર તૂ નીડર રહી,
યાહિસું જો હિત સોઈ હિત નિરવિધ હૈ;
છાંડિ તુ કલેશ લેશ મનમે ન આન કછુ,
ગોકુલેશ ભજ ફલ આગે તેરો સિધ્ધ હૈ. ૯

શ્રીગોકુલનાથકી જય





વર્ષ ૨ અંક ૧૧ મહા વદ ૧૧, ૨૦૬૫

શ્રીગોકુલેશ પાઠશાળા

શ્રીવિજયા એકાદશી વ્રત

તાત તણો પ્રતિબિંબ રે રસના - ૧૧

શ્રીકન્હૈયા પ્રભુ કે વચનામૃત

એક સમય આપકુ એક રાજાને વિનતી કીની જે રાજ ! સબકોઉ મૂર્તી સ્વરૂપકુ ભોગ ધરત હે, સો સબ મુલ સ્વરૂપકું કેસે પહોચત હોયગો ? સો કૃપા કરકે સમજાઇયે, તબ આપણે આજ્ઞા કીની જે જેસે લૌકિક રાજાકો તહેવાર હોય, વાકી ખુશાલી કે લીયે દીવાબત્તીકી રોશનાઇ, આતસબાજી, તોરણ આદે સબ ઠેકાણે હોત હે, સો સબકો ઉજીયારો આદે ખુશાલીકો આનંદ વો રાજાકે વહાં પહોચત હોયગો ? વે તો લૌકિક બાત હે, ઓર યહાં તો અલૌકિકને સાક્ષાત્ ભાવસંબંધસું સબ અંગીકાર હોત હે, જેસો પ્રશ્ન તેસો ઉત્તર દે સમજાયે. ૫૬